INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૧૭-૬-૨૦૨૪**

- **જીઆઈડીસીના અબજો રૂપિયાના ભ્રષ્ટાચારના કચ્ચાચિઠ્ઠા ખુલ્લા પડી જતા બઘવાઈ ગયેલ ભાજપા સરકારના મંત્રીઓ જે રીતે લીપાપોથી કરવા માટે પત્રકાર પરિષદમાં જુદી જુદી વાતો કરી પણ સત્ય હકિકત અંગે એકપણ જવાબ ન આપ્યો.**
- **જીઆઈડીસીના ભ્રષ્ટાચાર મુદ્દે હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટના સીટીંગ જજ પાસે તપાસ કરાવવાની પુનઃ માંગ કરતા શ્રી શક્તિસિંહ ગોહિલ.**

જીઆઈડીસીના અબજો રૂપિયાના ભ્રષ્ટાચારના કચ્ચાચિઠ્ઠા ખુલ્લા પડી જતાં બઘવાઈ ગયેલ ભાજપ સરકારના મંત્રીઓએ જે રીતે લીપાપોથી કરવા માટે પત્રકાર પરિષદમાં જુદી જુદી વાતો કરી પણ સત્ય હકીકત અંગે એકપણ જવાબ ન આપતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે સરકારને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, સરકારના હાથ ચોખ્ખા હોય તો જીઆઈડીસીના પ્રકરણની હાઈકોર્ટ કે સુપ્રિમકોર્ટના સીટીંગ જજ પાસે તપાસ કરાવે. જો કમીટી કહે કે બધું યોગ્ય છે તો તેનો ખર્ચ કોંગ્રેસ પક્ષ ભોગવશે અને જો કમીટી કહે કે ગડબડ થઈ છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે. જીઆઈડીસીના ષડયંત્ર દ્વારા અબજો રૂપિયાનું સરકારી તિજોરીમાં નુકસાન થવાનું એ વિશે વાત કરી હતી. આજે બે મંત્રીશ્રીઓ અને એક અધિકારીએ પ્રેસ કોન્ફરન્સ કરી, હું આભાર માનીશ એમનો કે એમણે પ્રેસ કોન્ફરન્સ કરી. મને આનંદ થાત કે આ બે મંત્રીશ્રીઓ અને મંત્રીશ્રીઓની વિગત ઓછી પડી તો એક અધિકારીને પણ ઈન્વોલ્વ કર્યા છે. કોંગ્રેસના એકપણ પ્રશ્નનો એક પણ સાચો ઉત્તર એમણે નથી આપ્યો. ગઈ કાલે મેં કહ્યું હતું ઈલેક્શન ડીક્લેર થઈ ગયું છે એટલે જે ઓર્ડર છે તે કેટલીક જગ્યાએ નથી થયો. આપ ધ્યાનથી પ્રેસ કોન્ફરન્સ જોજો. મંત્રી વારંવાર કહે છે, સાયખામાં પ્લોટ હજી આપ્યો નથી, પછી ધીમે રહીને બોલે છે દહેજમાં થોડા પ્લોટ આપ્યાં છે. દહેજ અને સાયખા બન્નેમાં મારો પ્રશ્ન હતો. મારો પ્રશ્ન માત્ર સાયખા માટેનો ન હતો. મેં કહ્યું હતું કે અમુક ષડયંત્ર પ્રોસેસમાં છે. કારણ કે ઈલેક્શન ડીક્લેર થઈ ગયું હતું, આચારસંહિતા હતી. તો દહેજમાં અપાયા છે આ કેમેરાની આંખ પર જ્યાં એ પ્રેસ કોન્ફરન્સમાં સ્વિકારે છે કે દહેજમાં અમે થોડા પ્લોટ આપ્યાં છે. મારી સીધી માંગણી હતી કે તમે જાહેર કરો કે કેટલો ભાવ ? ૨,૭૭૦ રૂપિયામાં શા માટે ભાઈ આપો છો તમે ? જ્યારે સુપ્રિમકોર્ટે કહ્યું છે કે કોઈપણ નેચરલ રીસોર્સીસ કે કોઈપણ પ્રજાની સંપત્તિ એક ઈંચ પણ આપવાનો સવાલ આવે તો વધારેમાં વધારે રૂપિયા કેમ મળે ? એ જોવું જોઈએ. આ સ્પષ્ટ આદેશ સુપ્રિમ કોર્ટનો હોવા છતાં મંત્રીશ્રી એટલું બોલે છે કે આ તો નફો કરવા માટે નથી. હું માનું છું કે જીઆઈડીસી નફો કરવા માટે નથી પરંતુ વિકસીત જ્યાં થઈ ગયું ત્યાંથી હરાજીના પૈસા આવે તો જે નાના અવિકસીત વિસ્તારો છે જેમ કે ચુંટણી સમયે તળાજામાં કહ્યું હતું, જેમ કે વલ્લભીપુરમાં કહ્યું હતું, જેમ નખત્રાણામાં કહ્યું હતું, આવા નાના ટાઉનપ્લેસ પર જે જીઆઈડીસીઓ બનાવવાની થાય એમાં એ જીઆઈડીસીઓ બનાવે ત્યારે પૈસાની જરૂર પડે એ આવી જગ્યાએ હરાજી કરી હોય એ રૂપિયા ત્યાં વાપરી શકાય અને એનો વિકાસ થઈ શકે. સરકાર જો બેઠા ભાવે અબજો રૂપિયા મળે એમ છે ત્યાં સસ્તામાં પ્લોટ આપી દે તો અવિકસીત વિસ્તારોમાં નવી જીઆઈડીસી બનાવવા નાણાં જોઈએ એ નાણાં અપાય જ નહીં. બીજી એક મહત્વની વાત અરજીઓથી આપવાની નીતિ જુની હતી, વાત સાચી છે ત્યારે ક્યાં બનતા હતા જીઆઈડીસી ? જે જગ્યાએ ઉદ્યોગ જતો ન હતો ત્યાં

સમતુલીત વિકાસ કરવા માટે એવી જગ્યાએ રીમોટ કે જ્યાં ઉદ્યોગ નથી જતો તો ત્યાંના સ્થાનિક કારીગરોને કામ મળે. ત્યાં જે લોકો કામ કરતા નાના ઉદ્યોગકારો છે એને સુવિધાઓ મળે. વિશ્વકર્મા સમાજના ભાઈઓને લાભ મળે એટલે આપવામાં આવતા. માંગ વધારે થાય ત્યાં હરાજી ભુતકાળમાં પણ થતી હતી. હવે તો સુપ્રિમ કોર્ટે કહી દીધું કે કોઈપણ પ્રજાની માલિકીની મિલકત હું માંગુ ને તુ આપ આમ નહીં. જાહેર હરાજી કરવી જ જોઈએ. આ સુપ્રિમકોર્ટ કહ્યું. આજે મંત્રીઓએ પ્રેસ કોન્ફરન્સ કરી એટલે કહું છું. ગયા મહિને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સાહેબની ડીવીઝન બેન્ચ, બે જજ સાહેબશ્રીઓનો આ નિર્ણય આવ્યો. રીટ પીટીશન ૯૪/૨૦૨૨માં એક જાહેર હિતની અરજી દાખલ થઈ હતી કે જે જીઆઈડીસીએ જાહેર હરાજી વગર સરીગામ, તાલુકો ઉમરગામ, જીલ્લો વલસાડમાં ૩૪,૭૩૩ સ્કવેર મીટર અને સર્વે નંબર ૨૧૯૫માં અને સર્વે નંબર ૨૧૪૭, ૨૧૪૭ની આ જમીન ૩૪,૭૪૩ એના જુદા જુદા પ્લોટ વગર હરાજીએ જીઆઈડીસીએ માત્ર અરજી લઈને આપી દીધા હતા માટે આ પી.આઈ.એલ. થઈ હતી. ગયા મહિને જ આ પી.આઈ.એલ.માં જે ગુજરાત નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે જીઆઈડીસીને લપડાક મારી અને જે કાગળ ઉપર અરજી લઈને સોદો થયો હતો એને રદ કર્યો અને મેઈન કારણ એ હતું કે કોમ્પીટીટીવ બીડ અને ટ્રાન્સપરન્સી એ પાયાનો સિધ્ધાંત છે એ પારદર્શકતા હોવી જોઈએ અને સ્પર્ધાત્મક બીડ હોવું જોઈએ. આ નથી કર્યું એમ કરીને આમાં પણ રદ કરવામાં આવી છે. તો મારો સીધો સવાલ પહેલો એ છે કે બન્ને મંત્રીશ્રીઓ કે તમે સોગંદ ખાઈને મંત્રી બન્યાં છો કે બંધારણને વફાદાર રહેવાનો, પ્રજાના માટે વફાદારીના, સત્ય માટેના તો પછી સુપ્રિમ કોર્ટે કહી દીધું છે કે વગર હરાજીએ એક ઈંચ જગ્યા નહીં આપવાની તો તમારી પોલીસી ગુજરાતની તો ભુતકાળ શું કામ જુઓ છો. ત્યારે અવિકસીત હતું ઈન્ડસ્ટ્રીયલ રીતે ત્યારે કોઈ સુપ્રિમકોર્ટનો હુકમ ન હતો. હવે સુપ્રિમકોર્ટનો હુકમ છે કે જાહેર હરાજી સિવાય ન અપાય તો શું કામ આપો છો કરોને ખુલાસો. મારો બીજો સવાલ છે બન્ને મંત્રીશ્રીઓમાંથી કોઈએ પણ વાસ્તવિકતાની વાત નથી કરી. સાયખા અને દહેજ એમાં પહેલા તમે જેને પુરેપુરો સંતૃપ્ત ઝોન, સેચ્યુરેટેડ ઝોન કહી દીધો હતો એ પછી કેમીકલ ઝોન અને મીકેનીકલ ઝોન એમ જુદું પાડવું અને ફાયદો આપવો અને પછી એમ કહે આ બન્ને એક કરી દેવાના છે. શું લોજીક હતું ભાઈ ? મંત્રીશ્રી શું કહે છે ? અમને ત્યાંથી રજૂઆત આવી. અરે તમે શું રજૂઆત ઉપર નીતિ નક્કી કરો છો. રજૂઆત એટલે શું ? નાણાંના કોથળા આવ્યા કે હરાજી નહિ અરજીના આધાર ઉપર કરો તો અબજો રૂપિયા મળશે. એટલે રજૂઆતના આધાર ઉપર જેને સંતૃપ્ત ઝોન હતો તેને કે જ્યાં ફરજીયાત હરાજી કરવી પડે એના બદલે અરજીઓ ઉપર એટલા માટે તમે નીતિ ફેરવી. શા માટે કેવી રીતે થઇ શકે આખું યુનીટ છે. એ યુનીટ પૈકી તમે અલગ ઝોન બનાવો છો કેમિકલનો. કેમિકલ માટે બનાવેલ ઝોન સંતૃપ્ત છે. ૯૦% કરતાં વધારે ત્યાં ડેવલોપમેન્ટ થઇ ગયું છે. ત્યાં હરાજી જ કરવી પડે આ અંગે સૌ મૌન રહે છે. તો તમારું બોર્ડ છે. એ બોર્ડને પાંચ મહિના પછી બુદ્ધિ આવી. પાંચ મહિના પહેલા કહે છે ના આ કેમીકલ ઝોન છે. આ અલગ છે બંને ભેગું ના ગણાય. આ સંતૃપ્ત ઝોન ગણાય જાહેર હરાજી જ કરવી પડે અને પાંચ મહિના પછી વહીવટ થઇ જાય. અરજી આવે એટલે ના ના ના આ સંતૃપ્ત નથી હવે બંને ને ભેગુ કરી દો એટલે સંતૃપ્ત નથી. અને હવે જાહેર હરાજી નહિ કરવાની અરજીના આધાર ઉપર આપવાનું. આનો જવાબ છે એમની પાસે ? ક્યાંય જવાબ નથી. આજે હું ફરી કહું છુ કે જો ચોખ્ખા હાથ હોય તો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના સીટીંગ જજ સાહેબ મારફત આ પ્રકરણની ઇન્કવાયરી કરાવો અને જો હાઈકોર્ટ કે સુપ્રીમકોર્ટના જજ સાહેબ કહી દે કે આ બધું સબ-સલામત છે, જનહિતમાં છે. કઈ ખોટું નથી થયું તો એ જે કમિશન બેસે એ કમિશનનો જેટલો ખર્ચ થશે એ પ્રજા ઉપર નહિ કોંગ્રેસ પાર્ટી પોતે ભોગવશે. અને જો એ કમિશન એમ કહે કે આ ચોર છે તો ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે અને રાજીનામું આપે. ચેલેન્જ સ્વીકારે જો એ સાચા હોય તો. હકીકતમાં ભય મુક્ત ભ્રષ્ટાચાર કરે છે અને પછી લીપાપોથી કરે છે. એનો આ ઉત્તમ દાખલો છે. અને મેં આપને કહ્યું એમ આ એજ જીઆઈડીસી છે જેને વગર હરાજીએ આપેલ પ્લોટ તાજેતરમાં જ પી.આઈ.એલ.માં નામદાર ગુજરાત કોર્ટે પણ રદ્દ કર્યો છે અને ત્યારે સરકારનો આ ભ્રષ્ટાચાર છે. ભ્રષ્ટાચાર છુપાવવામાં પણ સફળ નથી થઈ શકતા એ હકીકત માટે એમણે જે લીપાપોથી કરી એના કારણે આ સ્પષ્ટતા કરવાની જરૂર પડી.

(સહી)
ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા